# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-12-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1. સાણંદના લેખંબામાં રામકૃષ્ણ મઠ દ્વારા આયોજિત કાર્યક્રમને વીડિયો કોન્ફરન્સ દ્વારા સંબોધતા પ્રધાનમંત્રીએ કહ્યું કે આગામી સમયમા કૌશલ્ય ધરાવતા સૌથી વધુ યુવાનો ભારતમાં હશે
2. રાજ્યમાં નાર્કોટીક્સ અને મિલ્કત વિરૂધ્ધના ગુનાઓમાં ૨૨ ટકાનો ઘટાડો થયો
3. ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા વિવિધ 11 પરીક્ષાઓ આગામી 23 ફેબ્રુઆરી અને 30 માર્ચ માં લેવાશે.
4. ગેરરીતી આચરતી વધુ પાંચ હોસ્પિટલો પીએમજેવાય- મા યોજનામાંથી સસ્પેન્ડ કરાઇ
5. જૂનાગઢમાં માળીયા હાટીના પાસે બે કાર વચ્ચે અકસ્માતમાં પરીક્ષા આપવા જતાં પાંચ વિદ્યાર્થીઓ સહિત સાતના મોત
6. ચોથી મેકોન્ગ ગંગા ધમ્મયાત્રા વડનગર પહોંચી.

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PM RAMKURSHN MATH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સાણંદના લેખંબામાં રામકૃષ્ણ મઠ દ્વારા આયોજિત કાર્યક્રમમાં વર્ચ્યુઅલ માધ્યમથી સંબોધન કર્યું હતું કે આજે ભારત પોતાના જ્ઞાન, પરંપરા અને સદીઓ જૂના ઉપદેશોના આધાર પર આગળ વધી રહ્યું છે.. તેમણે ઉમેર્યું હતું કે અમારો સંકલ્પ એક લાખ તેજસ્વી અને ઊર્જાવાન યુવાનોને રાજકારણમાં લાવવાનો છે, જે 21મી સદીના ભારતીય રાજકારણનો નવો ચહેરો બનશે, દેશનું ભવિષ્ય બનશે. તેમણે કહ્યું હતું કે આજનો યુવાન પ્રાચીન પરંપરાને આગળ વધારી રહ્યો છે.

## (બાઇટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી )

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ રામકૃષ્ણ મઠના ભોજનાલય, સંતઆવાસ તેમજ પ્રાર્થના ખંડનું ઉદ્ઘાટન કર્યું હતું. રાજ્યમાં ૧૦૦ કરોડથી વધુના ખર્ચે સ્વામી વિવેકાનંદ ટુરિસ્ટ સર્કિટનો વિકાસ થશે, તેવી તેમણે જાહેરાત કરી હતી.

--------------

# Narcotics

રાજ્યમાં નાર્કોટીક્સ અને મિલ્કત વિરૂધ્ધના ગુનાઓમાં ૨૨ ટકાનો ઘટાડો થયો છે.. આ ગુનાઓમાં રીઢા ગુનેગારોને નિયંત્રણમાં લાવવા અમલી કરેલા ‘મેન્ટર પ્રોજેક્ટ’ને પરિણામે મિલકત વિરૂધ્ધના ગુનાઓમાં ઘટાડો થયો છે. ‘મેન્ટર

પ્રોજેક્ટ' અંતર્ગત હવે 'એક આરોપી સામે એક પોલીસ મેન્ટર' એમ ૬ હજાર ૫૦૦ રીઢા આરોપીઓનું ડેઇલી સર્વેલન્સ કરવામાં આવશે. તેવી જાહેરાત રાજ્યના પોલીસ વડા વિકાસ  સહાયે કરી છે.

આરોપી ફરીથી કોઇ ગુનો નકરે તે સતત વોચ રાખવી અને આ આરોપીઓ ગુનાનો રસ્તો છોડી સકારાત્મક પ્રવૃત્તિમાં  જોડાય તેવા પ્રયત્નો કરવાની મેન્ટરની મુખ્ય જવાબદારી સોંપાશે.

--------------

## GPSC

રાજ્ય સરકારની ભરતીઓ માટે ગુજરાત જાહેર સેવા આયોગ સક્રિય છે, તેમ આયોગના ચેરમેન હસમુખ પટેલે જણાવ્યું હતું.. તેમણે ઉમેર્યુ હતું કે ભરતી પ્રક્રિયા સરળ બનાવવામાં આવી છે. આગામી 11 પરીક્ષાઓ 23 ફેબ્રુઆરી અને 30 માર્ચમાં લેવાશે, તેમણે કહ્યું હતું કે આરોગ્ય વિભાગની ભરતી પણ ટૂંક સમયમાં થશે.

(બાઇટ- હસમુખ પટેલ, અધ્યક્ષ, જીપીએસસી)

--------------

## PMJAY HOSPITAL SUSPENDED

પ્રધાનમંત્રી જન આરોગ્ય-મા યોજના અંતર્ગત ગેરરીતિ આચરતી વધુ પાંચ હોસ્પિટલને સસ્પેન્ડ કરવામાં આવી છે.. પાટણ જિલ્લાની હિર ચિલ્ડ્રન હોસ્પિટલ, નિષ્કા ચિલ્ડ્રન હોસ્પિટલ અને નિયોનેટલ કેર, દાહોદ જિલ્લાની સોનલ હોસ્પિટલ, અમદાવાદ જિલ્લાની સેન્ટારા ઓર્થોપેડિક હોસ્પિટલ અને અરવલ્લી જિલ્લાની શ્રી જલારામ ચિલ્ડ્રન હોસ્પિટલમાં વિવિધ ત્રુટીઓ અને ગેરરીતિ જણાઇ આવતા PMJAY-મા યોજનામાંથી સસ્પેન્ડ  કરવામાં આવી છે.

આ હોસ્પિટલ્સ પાસેથી નિયમાનુસાર નાણાકીય વસૂલાત અને દંડ પણ ફટકારાયો છે. પ્રિ-ઓથ દરમિયાન લેબ રિપોર્ટમાં છેડછાડ, યોજનાની માર્ગદર્શિકાનું ઉલ્લંઘન, બી.યુ. અને ફાયર સેફ્ટી સર્ટિફિકેટના અભાવ સહિતના કારણોસર આ પાંચ હોસ્પિટલ્સને સસ્પેન્ડ કરાઇ છે.. આ અગાઉ ગેરરીતી બદલ ગત અઠવાડિયામાં રાજ્યની કુલ પાંચ એમ્પેન્લ્ડ હોસ્પિટલ અને બે ડૉક્ટરને સસ્પેન્ડ કરાયા હતા.

-------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

.....................................

## PRESIDENT – RASHTRIYA PANCHAYAT PURASKAR

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ 11 ડિસેમ્બરે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય પંચાયત પુરસ્કાર વિજેતાઓનું સન્માન કરશે. જેમાં રાજ્યના પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના વાવકુલી-બે ગામને સુશાસન શ્રેણીમાં રાષ્ટ્રીય પંચાયત પુરસ્કાર અપાશે. વહીવટદાર રાજેન્દ્રકુમાર કાળુભાઈ પગી ગામ તરફથી આ એવોર્ડ સ્વીકારશે. વહીવટદાર આર. કે. પગીએ વધુમાં આ એવોર્ડ માટેની જે કામગીરી કરવામાં આવી હતી, તેની વિગતો આપી હતી.

(બાઇટ - R K PAGI)

--------------

## JUNAGADH ACCIDENT

જુનાગઢ જિલ્લાના માળિયા હાટીના તાલુકા પાસે આજે સવારે જેતપુર સોમનાથ હાઇવે ઉપર બે કાર સામસામે અથડાતા સાત વ્યક્તિના મોત થયા હતા. ભંડુરી પોલીસ સ્ટેશનના સૂત્રોના જણાવ્યા અનુસાર એક કાર વિરુદ્ધ સાઈડે આવતી હોવાને કારણે આ અકસ્માત સર્જાયો હતો. કેશોદ નજીકના ગામડામાં રહેતા પાંચ વિદ્યાર્થીઓ ગડું ખાતે પરીક્ષા આપવા જઇ રહ્યા હતા. આ અકસ્માતમાં તમામ પાંચેય વિદ્યાર્થીઓના મોત થતાં કેશોદ તાલુકામાં શોકનું મોજું ફરી વળ્યુ હતું. અકસ્માતના પગલે કારમાં મૂકેલા ગેસના બોટલમાં વિસ્ફોટ થયો હતો. આ વિસ્ફોટથી રસ્તાની બાજુમાં રહેલા ઝૂંપડામાં પણ આગ લાગી

હતી. આ અકસ્માત બાદ પોલીસ અને એમ્બ્યુલન્સ ઘટના સ્થળે પહોંચી હતી, જ્યારે વિસ્ફોટની તપાસ માટે એફએસએલની ટીમે ઘટના સ્થળે પહોંચીને તપાસ શરૂ કરી હતી.

--------------

## MEHSANA- DHAM YATRA

થાઇલેન્ડના બેંગકોક ખાતેથી શરૂ થયેલી મેકોંગ ગંગા ધમ્મયાત્રા નામની ચોથી ધમ્મયાત્રા આજે વડનગર ખાતે આવી પહોંચી હતી. આ ધમ્મયાત્રામાં આવેલા થાઇલેન્ડના પ્રતિનિધિમંડળે વડનગર ખાતે બૌદ્ધ મોનેસ્ટ્રી અને પ્રેરણા સ્કૂલની મુલાકાત લીધી હતી. ભારતમાં 2 થી 10 ડિસેમ્બર દરમિયાન મેકોંગ-ગંગા ડેક્લેરેશન ઓન ધમ્મ સેન્ચુરી એટલે કે ધમ્મ શતાબ્દી પર મેકોંગ-ગંગા ઘોષણા માટેનો માર્ગ પટણા, બોધીગયા, નવી દિલ્હી અને ગુજરાતનો છે.

થાઇલેન્ડના લોકો બૌદ્ધ ધર્મની ભેટ આપવા બદલ ભારત પ્રત્યે આભાર વ્યક્ત કરી શકે તે માટે, તેમજ ભગવાન બુદ્ધના પવિત્ર અવશેષોને થાઈલેન્ડ મોકલવા બદલ ભારત સરકાર અને ખાસ કરીને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આભાર વ્યક્ત કરી શકે તે માટે, ધમ્મયાત્રા આયોજિત કરવામાં આવે છે.

--------------

## BK - S.CHAUDHRI HOSTEL INAGURATION

સમગ્ર શિક્ષા પ્રોજેક્ટ અંતર્ગત બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના મોટી પાવડ ખાતે નવીન હોસ્ટેલ સંકુલનું લોકાર્પણ વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીના હસ્તે કરાયું હતું.

૮ કરોડ ૧૫ લાખ કરતાં વધુના ખર્ચે નિર્માણ થયેલ આ છાત્રાલયમાં ૨૦૦ વિદ્યાર્થીનીઓ રહી શકે તેવી વ્યવસ્થા ઉભી કરાઇ છે.. આ ઉદઘાટન પ્રસંગે વિધાનસભાના અધ્યક્ષે કહ્યું હતું કે છેવાડાના ગામની દીકરીઓ આજે ડોકટર, વકીલ સહિત અનેક વિવિધ ફિલ્ડમાં આગળ વધીને પોતાના પરિવાર અને સમાજનું નામ રોશન કરતી થઈ છે. તેમણે કહ્યું કે, શિક્ષણ એટલે માત્ર પુસ્તકિયું જ્ઞાન નહીં પરંતુ વ્યક્તિનો સર્વાંગી વિકાસ છે. શિક્ષણ અને વ્યસનમુક્તિનો સંદેશ ફેલાય તે માટે પણ ભાર મૂક્યો હતો.

--------------

## International Anti-Bribery Day

ભ્રષ્ટાચારને નાબૂદ કરવા ટીમવર્કથી અને ક્યાંય કોઈ ખચકાટ વિના કામગીરી કરવા મુખ્યમંત્રીએ એસીબીને આહ્વાન કર્યું છે. તેમણે ઉમેર્યું હતું કે ભ્રસ્ટાચાર સામેની લડાઇમાં  રાજ્ય સરકાર તમારી પડખે રહેશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને મુખ્યમંત્રીએ ગાંધીનગરમાં યોજાયેલા આંતરરાષ્ટ્રીય લાંચ - રૂશ્વત વિરોધી દિવસ પ્રસંગે ભ્રષ્ટ વાતાવરણને તોડવા સરકારનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે ગૃહરાજ્યમંત્રીએ કહ્યું હતું કે  સમાજના ગરીબ અને સામાન્ય વર્ગના નાગરિકોને ન્યાય અપાવવાનું  અને માનવતાનો ધર્મ અદા કરવાનું કાર્ય

એસીબી કરી રહી છે. આ કાર્યક્રમમાં ACBને ફરિયાદ આપીને ભ્રષ્ટાચાર સામેની લડતમાં સહાયક બનેલા જાગૃત નાગરિકોનું CARE અંતર્ગત મુખ્યમંત્રીએ બહુમાન કર્યું હતું. આ કાર્યક્રમમાં શાળાઓમાં એ.સી.બી દ્વારા આયોજિત નિબંધ સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓ, ભ્રષ્ટાચાર વિરુદ્ધની લડાઈમાં સામે આવી ફરિયાદ કરનાર ફરિયાદીઓ, ફરિયાદીને ન્યાય અપાવનાર સરકારી વકીલ અને એ.સી.બીના અધિકારીઓનુ પણ સન્માન કરાયું હતું.

--------------